# Signing of Agreement between the Government of the Republic of India and the Government of the Federal Republic of Germany on a Comprehensive Migration and Mobility Partnerpshi

## ભારત સરકાર અને ફેડરલ રિપબ્લિક  ઓફ જર્મનીની સરકાર વચ્ચે વ્યાપક સ્થળાંતર અને ગતિશીલતાની ભાગીદારી કરાર પર હસ્તાક્ષર

ડિસેમ્બર 05, 2022

2019 માં ભારત અને જર્મની વચ્ચે સ્થળાંતર અને ગતિશિલતા ભાગીદારીનાં મુખ્ય ઘટકો પર ઉદ્દેશ્ય પરનાં નિવેદનનાં અમલીકરણમાં, ભારતિય પ્રજાસત્તાક અને ફેડરલ રિપબ્લિક ઓફ જર્મનીની સરકારે વ્યાપક સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી પરનાં કરારપર હસ્તાક્ષર કર્યા હતા. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર અને ફેડરલ ફોરેન અફેર્સ મંત્રી, અન્નાલેના બેરબોકે અનુક્રમે ભારત સરકાર અને જર્મની સરકાર વતી કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

આ કરાર ભારતની જર્મની સાથે ઝડપથી વિસ્તરી રહેલી બહુપક્ષીય વ્યુહાત્મક ભાગીદારીનો પુરાવો છે. જર્મન સ્કિલ્ડ ઈમિગ્રેશન એક્ટ 2020  નોન-EU દેશોનાં કામદારો માટે માટે તકોમાં વિસ્તાર કર્યો છે. 2023ની શરુઆતમાં અપનાવવામાં આવનાર નવા કાયદા દ્વારા જર્મનીની સરકાર વિદેશમાંથી લાયકાત ધરાવતા કામદારોનાં સ્થળાંતરને નોંધપાત્ર રીતે સુવિધા આપવાનો પ્રસ્તાવ મુકશે. ભારત જર્મની MMPA એ આ દેશોનાં શ્રમ બજાર સુધી પહોંચવા માટે અનુકૂળ વિઝા વ્યવસ્થા ઉભી કરવાના બે ઉદ્દેશ્યો સાથે સંભવિત શ્રમ બજાર ગંતવ્ય દેશો સાથે કરારોનું નેટવર્ક બનાવવાના એકંદર પ્રયાસોનો એક ભાગ છે.

આ કરારમાં કૌશલ્યો અને પ્રતિભાઓનાં વિનિમયને પ્રોત્સાહન આપવા માટે ગતિશીલતા અને રોજગારીની તકોની સુવિધા માટે ચોક્કસ જોગવાઈઓ કરવામાં આવી છે. નવી દિલ્હી ખાતે શૈક્ષણિક મુલ્યાકન કેન્દ્ર, વિદ્યાર્થીઓને અઢાર મહિનાની વિસ્તૃત રહેણાંક પરમિટ, વાર્ષિક ત્રણ હજાર જોબ સીકર વિઝા, ઉદાર ટુંકા રોકાણ મલ્ટિપલ એન્ટ્રી વિઝા અને સુવ્યવસ્થિત રીડમિશન પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ કરાર સ્થળાંતર અને ગતિશીલતાનાં ક્ષેત્રમાં સહકાર વધુ ગાઢ બનાવવા માટે સંયુક્ત કાર્યકારી જુથની સ્થાપનાં કરવામાં આવશે. કરાક પર હસ્તાક્ષર પ્રસંગે ભારતમાં જર્મની રાજદૂત ડો. ફિલિપ એકરમેન અને ભારત ભારત જર્મની સરકાના અનેય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 05, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.